Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

સદ્‌ગુણોને સુરક્ષિત રાખવા માટે પહેલા નંબરનો ઉપાય કુનિમિત્તોનો ત્યાગ અને બીજા નંબરનો ઉપાય વ્રત-નિયમોની મજબૂત વાડ રાખવાનો છે.


| | | |
|---|---|---|
| પુસ્તક : ૮૮<br>અંક : ૫ થી ૮ | ફાગણ થી જેઠ<br>માર્ચ થી જુન<br>૧૯૯૧ | આત્મ સંવત ૯૫<br>વીર સંવત ૨૫૧૭<br>વિક્રમ સંવત ૨૦૪૭ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા



| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | શ્રીમદ્ ગુરૂ વૃદ્ધિવિજયજી વિયોગાષ્ટક | — | ૬૫ |
| (૨) | સ્વ. વૃદ્ધિચંદ્ર મહારાજ સાહેબ | સં. હીરાલાલ બી. શાહ | ૬૭ |
| (૩) | ગિરિરાજયાત્રા સપ્તપદી | પ. પૂ. પં. પ્રદ્યુમ્નવિજયજી મ.સા. | ૭૪ |
| (૪) | માસિક ધર્મ (M.C.) શા માટે પાળવું ? | લે. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી પાદપદ્મરેણું મુનિ ગુણસુંદરવિજય | ૭૯ |
| (૫) | "પુણ્યથી શું શું મળે છે ?" | સં. હીરાલાલ બી. શાહ ટાઈટલ પેજ | ૩ |



## આ સભાના નવા આજીવન સભ્ય

**(૧) શ્રી ભૂપતરાય જયંતિલાલ શાહ–ભાવનગર.**

**(૨) સવિતાબેન કુંવરજી વોરા–ભાવનગર.**

## —: યાત્રા પ્રવાસ :—

શ્રી જૈન આત્માનંદ સભા તરફથી સંવત ૨૦૪૭ના મહા વદ ૧૧ ને રવિવાર તારીખ ૧૦–૨–૯૧ ના રોજ શ્રી સિદ્ધાચલજી તીર્થ ઉપર યાત્રા કરવા ગયા હતા. સારી સંખ્યામાં સભ્યો આવેલ હતા. સવાર–સાંજ ગુરુભક્તિ તેમજ આવેલ સભ્યોની ભક્તિ કરવામાં આવી હતી.

## પરમ પૂજ્ય ગુરુદેવશ્રી આત્મારામજી મહારાજનો ૧૫૫મો જન્મજયંતી મહોત્સવ

શ્રી સિદ્ધાચલજી તીર્થ ઉપર સંવત ૨૦૪૭ના ચૈત્ર શુદી ૧ ને રવિવાર તા. ૧૭–૩–૯૧ના રોજ શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર તરફથી ઉજવવામાં આવ્યો હતો. સવાર-સાંજ ગુરૂ ભક્તિ તેમજ આવેલ સભ્યોની સ્વામીભક્તિ કરવામાં આવી હતી.

## —: ક્ષમા યાચના ;—

અનિવાર્ય સંજોગો લઈને અંકો ૫, ૬, ૭ અને ૮ ભેગા પ્રગટ કરવામાં આવેલ છે. હવે પછીનો અંક તા ૧૬–૮–૯૧ ના રોજ પ્રગટ કરવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્ તંત્રી : શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ એમ. એ., બી. કોમ, એલ. એલ બી.

## શ્રીમદ્ ગુરૂ વૃદ્ધિવિજયજી વિયોગાષ્ટક.

( મંદાક્રાંતા )

જે પંજાબે પ્રથમ પ્રગટયા જ્ઞાતિમાં ઓશવાળે,
કૃષ્ણાદેવી ધરમયશના પુત્ર જે ધર્મ પાળે;
સદ્બંધુમાં ગુણધર કૃપારામ નામે વિકાસે,
તે શ્રી વૃદ્ધિવિજય ગુરૂને કેમ ભૂલી જવાશે ? ૧

જેણે અષ્ટાદશ વરસમાં સર્વ સંસાર છોડી,
સર્વે સંપત્ નિજ પરહરી બુદ્ધિ સન્માર્ગે જોડી;
સદ્વૈરાગ્યે ગુરૂચરણમાં જે ધરી શીર્ષ ભાસે,
તે શ્રી વૃદ્ધિવિજય ગુરૂને કેમ ભૂલી જવાશે ? ૨

શાંતિધારી ગુણ ગુરૂતણા સર્વ જેમાં વસેલા,
જેથી સર્વે દુર્ગુણ બધા દૂર જઈને ખસેલા;
દેખી જેને કુમતિ જનની ક્રૂરતા દૂર નાસે,
તે શ્રી વૃદ્ધિવિજય ગુરૂને કેમ ભૂલી જવાશે ? ૩

કાંતિધારી મનહર મહા મૂર્તિ છે ભવ્ય જેની,
નિત્યે શોભે હસિત વદને શાંતતા જ્યાં મજેની;
વાણીકેરી અતિ મધુરતા જે સુધાને વિહાસે,
તે શ્રી વૃદ્ધિવિજય ગુરૂને કેમ ભૂલી જવાશે ? ૪

For Private And Personal Use Only

મોટા નાના સરલ જનને માન આપે સુહર્ષે,
હેતે બોલી મધુર વચનો ભક્તના ચિત્ત કર્ષે;
જેના ચિત્તો અચળિત સદા તુલ્ય દૃષ્ટિ વિભાસે,
તે શ્રી વૃદ્ધિવિજય ગુરૂને કેમ ભૂલી જવાશે ? ૫

વિદ્વાનોના વદન નિરખી નિત્ય આનંદ પામે,
ગ્રંથો દેખી અભિનવ ઘણો હર્ષ જે ચિત્ત જામે;
તત્ત્વો જાણી જિનમતતણા જ્ઞાનદૃષ્ટિ પ્રકાશે,
તે શ્રી વૃદ્ધિવિજય ગુરૂને કેમ ભૂલી જવાશે ? ૬

જે શિષ્યોને વિનય વધવા હેતથી બોધ આપે,
વિદ્યાકેરૂં વ્યસન કરવા મસ્તકે હસ્ત થાપે;
જેની સર્વે ઉત્કૃતિ સદા શિષ્યવૃંદે ગવાશે,
તે શ્રી વૃદ્ધિવિજય ગુરૂને કેમ ભૂલી જવાશે ? ૭

વારે વારે ગુરૂવરતણી મુર્ત્તિ દૃષ્ટે તરે છે,
નેત્રો તેનું સ્મરણ કરતાં અશ્રુધારા ધરે છે;
નિશ્ચે તેની શુભ શિવગતિ નર્મદાતા જ થાશે,
તે શ્રી વૃદ્ધિવિજય ગુરૂને કેમ ભૂલી જવાશે ? ૮



## દાન ધર્મ

નામના માટે, કીર્તિ માટે, લોકો સારા કહે તે માટે દાન કરનારની શ્રી જૈન શાસનમાં કિંમત નથી. પણ લક્ષ્મી સંસારમાં ડૂબાડનારી છે, દુર્માર્ગે લઇ જનારી છે. માટે તેનો સન્માર્ગે જેટલો ઉપયોગ થાય તે સારો છે જેથી લક્ષ્મીની મમતા વહેલી છૂટી જાય તે ભાવનાથી દાન આપે તેનો જ દાન ધર્મ સાચો મનાય છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભાવનગર શહેરના શ્રીસંઘ ઉપર અનન્ય ઉપકાર કરનાર સ્વ. શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ સાહેબ.

—: સં. શ્રી હીરાલાલ બી. શાહ :—

શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ સાહેબનો જન્મ પંજાબમાં લાહોર જીલ્લામાં ચિનાબ નદીના કિનારા ઉપર આવેલ રામનગર નામના શહેરમાં વિ. સં. ૧૮૯૦ના પોષ શુદિ ૧૧ ને દિવસે થયો હતો. તેમના પિતાનું નામ ધર્મજસજી અને માતાનું નામ કૃષ્ણાદેવી હતું. માતા-પિતાએ તેમનું નામ કૃપારામ રાખ્યું હતું.

કૃપારામને ચાર ભાઇઓ અને એક બહેન હતાં. ભાઇઓના નામ :- (૧) લાલચંદ (૨) મુસદ્દીમલ (૩) વજીરીમલ (૪) હેમરાજ હતા. બહેનનું નામ રાધાદેવી હતું. કૃપારામ સૌથી નાના હતાં. તેઓ પ્રારભમાં તેમના વડીલભાઇ મુસદ્દીમલ હેમરાજના નામની શરાફી દુકાને ૧૪ વર્ષની ઉંમરે બેઠા. ત્યાં વ્યાપાર સોના-ચાંદી ઝવેરાત વિગેરેનો હતો. કૃપારામના મોટા ભાઇઓના લગ્ન થઇ ગયાં હતાં. ત્યાર પછી કૃપારામની સગાઈ કરવામાં આવી હતી. પરંતુ કોઇક કારણસર તે સગાઇ તૂટી ગઇ હતી. ત્યાર પછી બીજે સગાઇ થવાની તૈયારી થતી હતી પણ કૃપારામનો જીવનનો રાહ જુદો જ હતો તેથી તે વાત મુલતવી રાખવામાં આવી.

પૂજ્ય બુટેરાયજી મહારાજ જેઓએ સ્થાનકવાસી સંપ્રદાયમાં દીક્ષા લીધી હતી. તેઓશ્રી વિહાર કરતાં કરતાં અનુક્રમે શીઆલકોટ નગરે આવ્યા હતા; ત્યાં કૃપારામના મામાની દીકરીના દીકરા મૂળરાજ નામના શ્રાવકને ૧૯૦૧માં અને પતીયાળાના રહેનાર પ્રેમચંદ નામના શ્રાવકને ૧૯૦૨માં દીક્ષા આપી હતી. તેઓશ્રીએ ૧૯૦૨નું ચોમાસું રામનગરમાં કર્યું હતું. ધર્મજસનું આખું કુંટુબ પૂજ્ય બુટેરાયજી મહારાજના પરિચયમાં આવ્યું અને તેઓશ્રીના નિર્મળ ઉપદેશથી આખા કુંટુબને જૈનધર્મ પ્રત્યે શ્રદ્ધા થઇ. કૃપારામનો તેમની સાથે વિશેષ પ્રકારનો ધર્મરાગ જોડાયો. અને શુદ્ધ જૈનમતનું બીજ આ વખતે તેના મનમાં રોપાયું. સંવત ૧૯૦૩માં બુટેરાયજી મહારાજે, મૂળચંદજી મહારાજે અને પ્રેમચંદજી મહારાજે સ્થાનકવાસીનો ત્યાગ કરીને તપગચ્છ અંગીકાર કર્યો. બાળ બ્રહ્મચારી, પુન્યવાન કૃપારામનું પુન્ય હવે જાગૃત થયું. તેમને વૈરાગ્ય ઉત્પન્ન થયો અને સંવત ૧૯૦૫માં દીક્ષા લેવાના શુભ અધ્યવસાય જાગૃત થયાં. માતા-પિતાની રજા માંગી પણ મળી નહી. વૈરાગ્ય દશા યુક્ત સદ્વિચાર તાજા ને તાજા રહેવાથી દિનપરદિન ઉદાસીનતા વૃદ્ધિ પામતી ગય. અનુક્રમે બે વર્ષે સર્વ કુટુંબી વર્ગને સમજાવીને દીક્ષા લેવાની તેમણે અનુમતિ મેળવી. તે સમયે શ્રી બુટેરાયજી મહારાજ દિલ્હી હતા, તેથી કુટુંબની આજ્ઞા મેળવીને કૃપારામ દીક્ષા લેવા માટે દિલ્હી આવ્યા. ગુરુ મહારાજાએ સંવત ૧૯૦૮ના અષાડ શુદિ ૧૩ ના દિવસે દીક્ષા આપી. ગુરુ મહારાજે મુનિ વૃદ્ધિચંદ્રજી નામ સ્થાપન કર્યું. તે ચોમાસુ દિલ્હીમાં જ કર્યું અને ગુરુ મહારાજના સંગમાં રહીને સારી પેઠે જ્ઞાન સંપાદન કર્યું પ્રથમ ચાતુર્માસમાં સાધુની ક્રિયાના સૂત્રો કંઠે કર્યા,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેમજ દશવૈકાલિક સૂત્ર ગુરુ મહારાજ પાસે અર્થસહ વાંચ્યું. ચાતુર્માસ સંપૂર્ણ થવાથી તરતજ દિલ્હીથી વિહાર કરી ફરતા ફરતા જયપુર આવ્યા. ગુરુ મહારાજે અને મૂળચંદજી મહારાજે, પ્રેમચંદજી મહારાજે અને વૃદ્ધિચંદ્રજી મહારાજે સંવત ૧૯૦૯ નું ચોમાસુ જયપુરમાં જ કર્યું. જયપુરમાં હીરાચંદજી નામે વિદ્વાન યતિ હતા હીરાચંદજીએ વૃદ્ધિચંદ્રજીને ભણાવવા ઇચ્છા બતાવી અને ગુરુ મહારાજની આજ્ઞાથી તેમની પાસે સંસ્કૃત-પ્રાકૃત અને વ્યાકરણનો અભ્યાસ કર્યો. ચોમાસુ પૂર્ણ થય. પછી જયપુરથી વિહાર કરી કીશનગઢ અને અજમેર થઇને નાગોર ગયા. બિકાનેરના શ્રાવકો તેડવા આવવાથી ગુરુ મહારાજ સાથે વિહાર કરી સંવત ૧૯૧૦નું ચોમાસુ બિકાનેર કર્યું. શ્રી મૂળચંદજી મહારાજ ગુરુ મહારાજની આજ્ઞાથી ગુજરાતમાં પધાર્યા. ત્યાંથી પાલીતાણે આવી શ્રી સિદ્ધાચળજીને ભેટી તે ચોમાસુ પાલીતાણામા જ કર્યું. બિકાનેરના ચાતુર્માસ દરમિયાન શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજે ગુરુ મહારાજ પાસે શાસ્ત્રનો ગહન અભ્યાસ કર્યો. બિકાનેરનું ચોમાસું પૂર્ણ થયા પછી તીર્થાધિરાજ શ્રી સિદ્ધાચળજીને ભેટવાની ઇચ્છા થઈ.

એવામાં અજમેરથી કેસરિયાજીનો એક સંઘ નીકળતો હતો. તેઓએ શ્રી બુટેરાયજી મહારાજ અને શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજને જોડાવા વિનંતી કરી એટલે તેઓ તેમાં જોડાઇ ગયાં. ઉદેપુર થઇને કેસરિયાજી તીર્થની જાત્રા કરી. એવામાં ઇલોરવાળા શાહ બેચરદાસ માનચંદનો સંઘ ત્યાં આવેલો તે પાછો ગુજરાત આવવાનો હોવાથી, તેઓ બંને તેની સાથે જોડાઇ ગયા. સંઘ ઇલોર પહોંચ્યા પછી સંઘવીને જણાવીને પ્રાંતિજ આવ્યા. ત્યાંથી વિહાર કરી અમદાવાદ આવ્યા અને શહેર બહાર હઠીભાઇની વાડીએ નિવાસ કર્યો.

તે વખતે દેરાસરનાં દર્શને આવેલા નગરશેઠ હેમાભાઇએ રસ્તામાં બે સાધુઓને જોયાં અને વંદન કરી શહેરના ઉપાશ્રય તરફ જતા હતા ત્યાં એમને લાગ્યું કે સાધુઓ ગુજરાતી જેવા લાગતા નથી. અજમેરના એક વેપારીની પેઢી અમદાવાદમાં હતી. તે મારફત સંદેશો આવ્યો કે બે પંજાબી સાધુઓ અમદાવાદ આવ્યા છે. તેઓ વિદ્વાન, ગુણવાન, ચારિત્રશીલ અને પરિચય કરવા જેવા છે. હેમાભાઇ શેઠશ્રી સૌભાગ્યવિજયજી મહારાજના વ્યાખ્યાનમાં ડેલાના ઉપાશ્રયે નિત્યના રિવાજ મુજબ ગયા તે પ્રસંગે "બે પંજાબી મુનિઓ અહીં આવ્યા છે અને બહુગુણી અને જ્ઞાનવાન છે" તે પ્રમાણે વાત કરી તેથી શ્રી સૌભાગ્યવિજયજી મહારાજે બોલાવવા માણસ મોકલ્યું. તેથી શ્રી બુટેરાયજી મહારાજ અને શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ ડેલાના ઉપાશ્રયે પધાર્યા. શ્રી સૌભાગ્યવિજયજી મહારાજે સારો સત્કાર કર્યો. બધી હકીકત પૂછીને ખૂબ જ સંતોષ પામ્યા.

તે વખતમાં કેશરી સંઘ ગટાને શ્રી સિદ્ધાચલજી સંઘ લઈને જવાનું હતું અને મહારાજીએ પણ પોતાની ઈચ્છા તે તરફ જવાની હતી. એટલે હેમાભાઇ શેઠે તે સંઘવીને રૂબરૂમાં બોલાવીને બે પંજાબી મુનિઓને સાથે લઈ જવા ભલામણ કરી. તેથી સંઘવીની વિનંતીથી બંને સંઘ સાથે જોડાઈ ગયા. અને આઠ દિવસમાં ચૈત્ર શુદિ ૧૩ના દિવસે પાલીતાણે પહોંચ્યા. બીજે દિવસે ચૈત્ર શુદ ચૌદસે સવારે ડુંગર ચઢીને જાત્રા કરી આદીશ્વર દાદાના દર્શન કરી બંનેના હૃદય હર્ષથી ગદ્ગદ્ થઇ ગયા. પાલીતાણામાં શ્રી મૂળચંદજી મહારાજ અને શ્રી પ્રેમચંદજી મહારાજ આવીને જુદી જુદી ધર્મશાળામાં ઉતર્યા હતા હવે. શ્રી બુટેરાયજી મહારાજ અને શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ આવી પહોંચતાં ગુરુ અને શિષ્યો એક વર્ષ પછી એકત્ર થયા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેઓ ચૈત્ર-વૈશાખ પાલીતાણામાં રોકાયા, પણ ત્યાં યતિઓનું જોર હતું એટલે ચાતુર્માસ બીજે કરવું હતું. ગુરુ મહારાજે શ્રી પ્રેમચંદજી મહારાજ અને વૃદ્ધિચંદ્રજી મહારાજને વિહાર કરવાની આજ્ઞા આપી. વિહાર કરતાં ચાતુર્માસ રહેવા લાયક કોઇ પણ ક્ષેત્ર જણાય તો ત્યાંથી ખબર લખવા સૂચના કરી બંને મુનિ ભગવંતો તળાજા, ત્રાપજ થઇને ઘોઘા આવ્યા, અને ત્યાં બે દિવસ રહીને ભાવનગર આવ્યા ખુશાલવિજયજીની ધર્મશાળાને નામે ઓળખાતા મકાનમાં ઉતાર્યા. ભાવનગર શહેર મોટું હતું. જૈનોની વસ્તી સારી હતી લોકો ધર્માનુરાગી હતા પણ યતિ-ગોરજીને વધારે માનનારા હતાં. પરંતુ શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ સાહેબના પરિચયમાં શ્રાવકો આવ્યા. શ્રી બુટેરાયજી મહારાજ સાહેબને ચાતુર્માસ માટે પધારવા આગ્રહપૂર્વક વિનંતી કરી. શ્રી બુટેરાયજી મહારાજ ભાવનગર પધાર્યા. એટલે સંવત ૧૯૧૧નું ચોમાસું શ્રી બુટેરાયજી મહારાજે પોતાના બે શિષ્યો શ્રી પ્રેમચંદજી મહારાજ અને શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ સાથે ભાવનગરમાં કર્યું. શ્રી મૂળચંદજી મહારાજ પાલીતાણામાં યતિ અભેચંદજી પાસે અભ્યાસ કરવા માટે પાલીતાણા રોકાયા અને તેમણે ચોમાસું પાલીતાણામાં કર્યું.

ભાવનગરના ચાતુર્માસમાં શ્રાવકો ઉપર તેઓની ઘણી મોટી અસર પડી. ચુસ્ત સંયમ પાલન અને શાસ્ત્રજ્ઞાન માટે શ્રાવકોને બહુ આદર થયો. શ્રી બુટેરાયજી મહારાજનું વ્યાખ્યાન સરસ અને અસરકારક હતું. પરંતુ શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજે તો સામાન્ય ઉપદેશથી અને સાધારણ વાતચીતથી શ્રાવક વર્ગના દિલનું આકર્ષણ કર્યું હતું. એમને પાંચ દસ મિનિટ મળવા આવેલા શ્રાવકો કલાક સુધી ખસતા નહિ. એમની સન્મુખ શ્રાવક-શ્રાવિકાઓ બેઠેલાં જ હોય અને એના મુખેથી નીકળતી મધુરવાણી સાંભળવામાં મગ્ન જ હોય. તેઓ પોતાની શંકાઓનું સમાધાન અને નવું માર્ગદર્શન મેળવતાં જ હોય. શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજે પ્રથમ ચાતુર્માસમાં જ ભાવનગરના શ્રાવકના દિલ જીતી લીધા. યતિઓ તરફનો રાગ ઓછો થયો.

ચાતુર્માસ પૂરું થયે ભાવનગરથી વિહાર કરી પાલીતાણે પધાર્યા. સિદ્ધગિરિની યાત્રાનો લાભ લીધો. શ્રી બુટેરાયજી મહારાજે અને શ્રી મૂળચંદજી મહારાજે અમદાવાદ તરફ વિહાર કર્યો શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજે અને શ્રી પ્રેમચંદજી મહારાજે ગિરનારની યાત્રા માટે જૂનાગઢ તરફ વિહાર કર્યો. ગિરનારની મહાન યાત્રાનો લાભ લીધો.

જૂનાગઢમાં ગિરનારની યાત્રા માટે અમદાવાદથી સંઘ આવ્યો હતો. તેમાં મુનિ કેવળવિજયજી અને મુનિ તિલકવિજયજી નામના બે સાધુ હતા, શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ તેઓની સાથે જોડાઇ ગયા. શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ બંને મુનિ ભગવંતોની સારી વૈયાવચ્ચ કરતા. તેઓ અમદાવાદ તરફ જતાં હતા ત્યારે સમાચાર મળ્યા કે શ્રી મૂળચંદજી મહારાજ લીંબડીમાં રોકાઇ ગયા છે કારણ કે તેમને તાવ આવે છે. તેથી શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ તરત ત્યાં પહોંચી ગયા. શ્રી બુટેરાયજી મહારાજ માંદા શિષ્યની સેવા પ્રેમથી કરતા હતા તે જવાબદારી શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજે લઈ લીધી અને પ્રેમથી સેવા ચાકરી કરી. તાવ સાવ મટી ગયા પછી વિહાર કરીને ત્રણે મુનિ ભગવંતો અમદાવાદમાં આવી ઉજમફોઇની ધર્મશાળામાં ઉતર્યા.

મુનિરાજશ્રી બુટેરાયજીનો વિચાર પંન્યાસ મણિવિજયજી. જેઓ ડેલાના ઉપાશ્રયની શાખા તરીકે લુહારની પોળના ઉપાશ્રયમાં રહેતા હતા. તેમની પાસે સંવેગી દીક્ષા લેવાનો હતો. તે વિચાર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શેઠ હેમાભાઈ વિગેરે પસંદ કર્યો. પં. સૌભાગ્યવિજયજી પાસે યોગ વહેવા શરૂ કર્યો. યોગ પૂરા થયા એટલે સંવત ૧૯૧૨ માં ચતુર્વિધ સંઘની સમક્ષ દાદા મણિવિજયજીએ તેઓ ત્રણને સંવેગી દીક્ષા આપી. મુનિ બુટેરાયજીનું નામ મુનિ બુદ્ધિવિજયજી, પંન્યાસ મણિવિજયના શિષ્ય, તથા મુનિ મૂળચંદજીનું નામ મુનિ મુક્તિવિજયજી તથા મુનિ વૃદ્ધિચંદ્રજીનું નામ મુનિ વૃદ્ધિવિજયજી તે બંને મુનિ બુદ્ધિવિજયજીના શિષ્ય એ પ્રમાણે ગુરુ-શિષ્ય પણ.ની અને નામની સ્થાપના કરી. સંવત ૧૯૧૨નું ચાતુર્માસ તેઓ ત્રણેએ દાદા મણિવિજયજી સાથે અમદાવાદમાં જ કર્યું શ્રી બુટેરાયજી મહારાજ અને એમના શિષ્યોના નવા નામ રાખવામાં આવ્યા પણ તેઓના મૂળ નામ પ્રચલિત બની ગયાં હતાં કે મુનિ વૃદ્ધિવિજયજી પણ વૃદ્ધિચંદ્રજી મહારાજ તરીકે જ વધુ જાણીતા રહેલ છે. ૧૯૧૩નું ચોમાસું શ્રી બુટેરાયજી મહારાજે અને શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજે અમદાવાદમાં જ કર્યું. શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજે બીજા સંસ્કૃત-કાવ્ય ગ્રંથોનો અભ્યાસ સાથે પંડિત હરનારાયણની પાસે ચંદ્રિકાની બીજી વૃત્તિનો અભ્યાસ કર્યો. શ્રી મૂળચંદજી મહારાજ સં. ૧૯૧૩માં અમદાવાદથી વિહાર કરીને પાલીતાણે યાત્રા કરીને ભાવનગર આવ્યા સંવત ૧૯૧૩નું ચોમાસું તેઓશ્રીએ ભાવનગરમાં કર્યું,

સંવત ૧૯૧૪માં શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજે અમદાવાદથી વિહાર કરી પાલીતાણા આવ્યા. શ્રી મૂળચંદજી મહારાજ ભાવનગરથી વિહાર કરી પાલીતાણા આવ્યા. બંને મળ્યા અને હર્ષવંત થયા. શત્રુંજય તીર્થની યાત્રા કરીને સંવત ૧૯૧૪નું ચોમાસું શ્રી મૂળચંદજી મહારાજે શિહોરમાં કર્યું. અને શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજે સંવત ૧૯૧૪નું ચોમાસું ભાવનગર કર્યું. ગુરુ મહારાજે તેમને વ્યાખ્યાન વાંચવાની આજ્ઞા આપી હતી. તેમની પ્રતિભા ઘણી તેજસ્વી હતી. તેમનું ચારિત્ર એટલું બધું નિર્મળ હતું. અને ભક્તિ, વિનય વૈયાવચ્ચ, શાસ્ત્રજ્ઞાન વિગેરે ગુણોથી એટલું બધું પવિત્ર હતું કે એમની પાસે રહીને ઘણાને વૈરાગ્યનો બોધ થતો હતો. આ ચોમાસા દરમ્યાન ભાવનગરના શ્રાવકોને ફરી પાછા ઘેલા કરી લીધા હતા.

સંવત ૧૯૧૫માં ગુરુ મહારાજ અમદાવાદથી વિહાર કરીને પાલીતાણા આવ્યા. શ્રી મૂળચંદજી મહારાજ પણ શિહોરથી વિહાર કરીને પાલીતાણા આવ્યા. શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ ભાવનગરથી વિહાર કરીને પાલીતાણા આવ્યા. કેટલાક દિવસ રહીને સૌની સાથે ભાવનગર આવ્યા આ વખતે ભાવનગરના સંઘનો ભાવનગરમાં જ સૌનું ચોમાસું રાખવાનો બહુજ આગ્રહ હતો.

પરંતુ વિશેષ ઉપકારના હેતુથી સંવત ૧૯૧૫નું ચોમાસું ગુરુ મહારાજે ભાવનગરમાં કર્યું શ્રી મૂળચંદજી મહારાજે શિહોરમાં કર્યું. અને શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજે ઘોઘામાં કર્યું. ઘોઘામાં પર્યું. ઘોઘામાં યતિઓનું જોર હતું તેથી ઉપાશ્રયમાં ઉતરવા ન મળ્યું. શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ એક ગૃહસ્થને ઘેર ઉતર્યા. પણ દિવસે દિવસે શ્રાવકો તેમના રાગી થયા વ્યાખ્યાન પણ ચાલુ થયું. અને પર્યુષણમાં એમણે ઉપાશ્રયમાં કલ્પસૂત્ર વાંચ્યું. શ્રી સંઘને બહુ હર્ષ થયો. ત્યારથી ઘોઘામાંથી યતિનો મહિમા ઓછો થઈ ગયો.

સંવત ૧૯૧૬માં ગુરુ મહારાજ અને શ્રી મૂળચંદજી મહારાજે અમદાવાદ તરફ વિહાર કર્યો શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ ઘોઘાથી નીકળેલા છ'રી પાલીત સંઘની સાથે પાલીતાણા ગયા. પાલીતાણું યાત્રા કરીને ભાવનગરના શ્રાવકોના આગ્રહથી ભાવનગર આવ્યા. સંવત ૧૯૧૬નું ચોમાસું ભાવનગરમાં જ કર્યું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંવત ૧૯૧૭માં ભાવનગરથી વિહાર કરીને શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ અમદાવાદ આવ્યા. ગુરુદેવ બુટેરાયજી મહારાજે પંજાબ તરફ વિહાર કર્યો હતો. સંવત ૧૯૧૭, ૧૯૧૮, ૧૯૧૯ અને ૧૯૨૦ એમ ચાર વર્ષના ચોમાસા શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજે અમદાવાદમાં જ કર્યા, તે દરમિયાન તેમણે અમદાવાદના શેઠશ્રી હેમાભાઇ, શેઠશ્રી પ્રેમાભાઇ, શેઠશ્રી દલપતભાઇ અને શ્રી મગનભાઈ ઉપર ઘણો પ્રભાવ પાડયો. સંવત ૧૯૨૧માં શેઠશ્રી દલપતભાઈ ભગુભાઇએ સિદ્ધાચલજીનો સંઘ કાઢયો. મહારાજ સાથે ચાલ્યા. મહારાજશ્રી પાછા સંઘ સાથે અમદાવાદ ન જતાં ભાવનગર પધાર્યા. સંવત ૧૯૨૧નું ચોમાસું ભાવનગરમાં કર્યું. મહારાજશ્રી વિહાર કરીને અમદાવાદ આવ્યા. અને સંવત ૧૯૨૨, ૧૯૨૩, ૧૯૨૪ અને સં. ૧૯૨૫ એમ ચાર ચોમાસા અમદાવાદમાં જ કર્યા સંવત ૧૯૨૬ માં શ્રી શંખેશ્વરજીની યાત્રા કરીને તેઓશ્રી રાધનપુર પધાર્યા અને તે ચોમાસું ત્યાં જ કર્યું

સંવત ૧૯૨૭માં પંજાબથી ગુરુ મહારાજશ્રી આ તરફ પધારે છે એવા ખબર સાંભળીને શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ અને શ્રી મૂલચંદજી મહારાજ બીજા ચાર મુનિઓ સહિત સામા ચાલ્યા. પાટણ, પાલણપુર થઇને પાલી પહોંચ્યા. પાલીમાં ઘણા વર્ષે તેઓ બધા એકત્ર થયા. પાલીથી ગુજરાત તરફ સૌએ વિહાર કર્યો. રસ્તામાં આબુજી તીર્થની યાત્રા કરીને વિહાર કરતાં અમદાવાદ આવ્યા. સંવત ૧૯૧૭નું ચોમાસું ગુરુ મહારાજ સાથે અમદાવાદમાં જ કર્યું.

સંવત ૧૯૨૮માં શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ અમદાવાદથી વિહાર કરીને રસ્તામાં અનેક ભવ્ય જીવો ઉપર ઉપકાર કરતાં લીંબડી આવ્યા. આ ચોમાસું મહારાજશ્રીએ લીંબડીમાં જ કર્યું.

સંવત ૧૯૨૯માં લીંબડીથી વિહાર કરી મહારાજશ્રી ધોલેરા પધાર્યા. શ્રાવક વર્ગે બહુ જ સત્કાર કર્યો. ત્યાં ઘણા શ્રાવકો યતિઓના રાગી હતા. મહારાજશ્રીએ ધીમે ધીમે શ્રાવક વર્ગના દિલ જીતી લઇને શુદ્ધ માર્ગના રાગી બનાવ્યા શેઠ મૂલચંદભાઇ વેલશીએ ધોલેરાથી શ્રી સિદ્ધાચલજીનો છ'રી પાળતો સંઘ કાઢયો. મહારાજશ્રીને વિનંતિ કરીને સાથે લીધા. પાલીતાણે પહોંચીને યાત્રા કરીને આનંદિત થયા. સંવત ૧૯૨૯નું ચોમાસુ મહારાજશ્રીએ પાલીતાણામાં જ કર્યું.

સંવત ૧૯૩૦માં પાલીતાણેથી વિહાર કરી મહારાજશ્રી ભાવનગર પધાર્યા. આ સમયમાં કેટલાએક શ્રાવકોની રૂચિ ક્રિયા માર્ગ પરથી ઉઠી ગઇ હતી, તેઓને મહારાજશ્રીએ અનેક પ્રકારના શાસ્ત્રાધાર બતાવીને દૃઢ કર્યા. ભાવનગરમાં શ્રાવકનો સમુદાય મોટો હોવાથી ઘણા છોકરાઓ ધાર્મિક અભ્યાસ કરી શકે તેથી મહારાજશ્રીના ઉપદેશથી સંવત ૧૯૩૦ના અષાડ શુદ ૪ ને દિવસે જૈન શાળાની સ્થાપના કરવામાં આવી. સંવત ૧૯૩૦નું ચોમાસું મહારાજશ્રીએ ભાવનગરમાં જ કર્યું. સંવત ૧૯૩૧મા મહારાજશ્રી વિહાર કરીને અમદાવાદમા આવ્યા.

એક મહા પુરુષ આખા હિંદુસ્તાનમાં પ્રસિદ્ધિ પામેલા મુનિરાજશ્રી આત્મારામજી હતા. તેમણે પંજાબ દેશમાં, પોતાની જન્મભૂમિ હોવાથી, સંવત ૧૯૧૦ માં સ્થાનકવાસી સંપ્રદાયમાં દીક્ષા લીધી હતી. બુદ્ધિ બહુ તીક્ષ્ણ હોવાથી અને અનેક શાસ્ત્રનો અભ્યાસ કરીને સ્થાનકવાસીનો ત્યાગ કરીને તપગચ્છનો અંગીકાર કર્યો હતો. સંવત ૧૯૩૧ માં અમદાવાદમાં શ્રીસંઘે કરેલા મહોત્સવ પૂર્વક મુનિ આત્મારામજીએ મુનિરાજશ્રી બુટેરાયજી મહારાજ પાસે સંવેગી દીક્ષા ગ્રહણ કરી. આ વખતે તેમનું મૂળ નામ ફેરવીને મુનિ આનંદવિજયજી રાખવામાં આવ્યું. પરંતુ પ્રથમના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નામની ખ્યાતિ બહુ જ થઇ ગયેલી હોવાથી આત્મારામજી મહારાજ તરીકે જાણીતા રહેલ છે. બીજા ૧૫ મુનિઓએ પણ આત્મારામજી મહારાજના શિષ્યો તરીકે સંવેગી દીક્ષા લીધી. પોરબંદરથી વિહાર કરતાં એક યતિ અમદાવાદ આવ્યા હતા. તેમને શુદ્ધ માર્ગની રૂચિ જાગૃત થઇ તેથી યતિપણું તજી દઇને મુનિરાજશ્રી બુટેરાયજી મહારાજ પાસે સંવેગી દીક્ષા ગ્રહણ કરી તેમનું નામ મુનિ ગંભીરવિજયજી રાખવામાં આવ્યું. અને મુનિરાજશ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજના શિષ્ય તરીકે જાહેર થયા. શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજે સંવત ૧૯૩૧ નું ચોમાસું અમદાવાદમાં જ કર્યું.

સંવત ૧૯૩૨ માં અમદાવાદથી વિહાર કરીને, લાઠીદડ થઇને વળા આવ્યા. વળામા કેટલાએક દિવસ રોકાયા. વળાથી ભાવનગર આવીને પાલીતાણા આવ્યા. સંવત ૧૯૩૨નું ચોમાસું પાલીતાણામાં કર્યું. પાલીતાણામાં જૈન બાળકોને ધાર્મિક અભ્યાસ કરવા માટે તેઓશ્રીના ઉપદેશથી જૈનશાળાની સ્થાપના કરવામાં આવી. સંવત ૧૯૩૩ માં પાલીતાણાથી વિહાર કરી ભાવનગર આવ્યા. સંવત ૧૯૩૩, ૧૯૩૪, ૧૯૩૫ના ત્રણે ચોમાસાં ભાવનગરમાં જ કર્યા. તેમનો ઉપદેશ ચલિત મનવાળાને પણ ધર્મમાં સ્થિર કરવાની શક્તિ ધરાવતો હતો. આ ત્રણ વરસ ઉપરા ઉપર ભાવનગરમાં રહેવાથી અનેક શ્રાવકોને ધર્મમાં સ્થિર કર્યા અને તેઓના ઉપર અનેક પ્રકારનો ઉપકાર કર્યો.

સંવત ૧૯૩૬માં વળાના શ્રાવકના આગ્રહ હોવાથી મહારાજશ્રી વળામાં પધાર્યા. સંવત ૧૯૩૬ અને ૧૯૩૭ ના બન્ને ચોમાસાં વળામાં જ કર્યા. મહારાજશ્રીના ઉપદેશથી સંવત ૧૯૩૦ ના વર્ષમાં ભાવનગરમાં જૈન શાળા સ્થપવામાં આવી હતી. તેમાં અભ્યાસ કરીને ઉછરતી વયના જૈન યુવાનોએ મહારાજશ્રીની કૃપાથી, "શ્રી જૈન ધર્મ પ્રસારક" નામની સભાનું સંવત ૧૯૩૭ ના શ્રાવણ શુદ ૩ ને દિવસે સ્થાપન કર્યું.

સંવત ૧૯૩૮ ના જેઠ માસમાં વળાથી વિહાર કરીને ભાવનગર પધાર્યા. શ્રીસંઘે ઘણા હર્ષથી સામૈયું અને પ્રવેશ મહોત્સવ કર્યો. આ વખતે ભાવનગરના સંઘમાં અંદર અંદર કંઈક મનની જુદાઈ ચાલતી હતી. તે મહારાજશ્રીના પધારવાથી એકતા થઇ ગઈ. સંવત ૧૯૩૮નું ચોમાસું અને ત્યાર પછી નિર્વાણાવસ્થા પર્યંત સર્વકાળ ભાવનગરમાં જ રહેવાનું થયું. મહારાજશ્રીને વિદ્યાભ્યાસ અને જ્ઞાન સંપાદન પ્રત્યે ઘણી પ્રીતી હતી. તેમણે સ્વયં શાસ્ત્રો ઉપરાંત વ્યાકરણ, કાવ્ય, કોશ, અલંકાર વિગેરેનો સારો અભ્યાસ કર્યો હતો. એટલે ભાવનગરનાં ચાતુર્માસ અને સ્થિરવાસ દરમ્યાન એ દિશામાં એમણે ઘણું સંગીન કાર્ય કર્યું હતું. અને શ્રીસંઘ પાસે કરાવ્યું હતું, કેટલાક જૈન યુવાનો એમની પાસે શંકા સમાધાન માટે, જ્ઞાન ચર્ચા માટે કે શાસ્ત્રાભ્યાસ માટે નિયમિત આવતા.

સંવત ૧૯૪૮ના ભાદરવા માસમાં મહારાજશ્રીને છાતીના દુઃખાવાનો વ્યાધિ શરૂ થયો. તે સમયે મહારાજશ્રીના ભક્તિવાન શ્રાવકોએ મહારાજશ્રીનો ફોટોગ્રાફ પડાવવા માટે વિનંતિ કરી. પ્રથમ પણ આ વિષયમાં વાતચીત થયેલ હતી. પણ મહારાજશ્રી તદ્દન નિરભિમાની હોવાથી તે વાતનો સ્વીકાર કરતા નહોતા. ફોટોગ્રાફ પાડવાનો વિચાર અળસાવી દેતા, પરંતુ આ વખતે તો ભક્તિવાળા શ્રાવકોએ પ્રબળ ઇચ્છા જણાવી અને ફોટોગ્રાફના સાધનો તૈયાર કરી સામા ખડા કર્યા. મહારાજશ્રીએ આ વખતે દાક્ષિણ્યતા રાખીને ફોટોગ્રાફ પડાવવાનું સ્વીકાર્યું અને તરત જ ફોટોગ્રાફ લેવામાં આવ્યો. શ્રી જૈન ધર્મ પ્રસારક સભાએ પોતા તરફથી ઘણી નકલો તૈયાર કરાવી, જેથી તેમના ભક્તજનો અત્યારે પણ તેઓ સાહેબના દર્શનનો લાભ મેળવે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહારાજશ્રીનો જન્મ તો પંજાબ દેશમાં થયો હતો. દીક્ષા લીધા પછી ત્રણ વર્ષ પછી સંવત ૧૯૧૧માં ગુજરાતમાં આવ્યા હતા. ત્યાર પછી પાછા પંજાબ ગયા જ નથી. ગુજરાતમાં આવ્યા બાદ ૩૮ ચોમાસાં કર્યાં તેમાં અરધો અરધ ૧૯ ચોમાસાં ભાવનગરમાં જ કર્યાં છે. તેથી ગુજરાતમાં પધાર્યા તે પણ જાણે ભાવનગરના હિતને માટે જ પધાર્યા હોય એવું જણાય છે. ભાવનગરના શ્રી સંઘ ઉપર ઉપકાર કરવામાં કંઈ બાકી રાખી નથી. સંવત ૧૯૪૯ના ચૈત્ર શુદ ૧ ને દિવસે શ્રી સંઘનો એક મેળાવડો કરવામાં આવ્યો. તે પ્રસંગે અનેક વક્તાઓએ મહારાજશ્રીના પારાવાર ઉપકારનું સ્મરણ કરાવ્યું. તે વખતે સર્વના એક મતથી એમ ઠરાવવામાં આવ્યું કે "સારા પાયા ઉપર એક જૈન પાઠશાળા સ્થાપવી અને તેની સાથે મહારાજશ્રીનું નામ જોડી દેવું." તેથી ૧૯૪૯ના વૈશાખ શુદ ૩ ને દિવસે મોટી ધામધુમ સાથે વરઘોડો ચડાવીને ચતુર્વિધ સંઘની હાજરીમાં "મુનિ વૃદ્ધિચંદ્રજી જૈન પાઠશાળા" સ્થાપન કરવામાં આવી. જૈન પાઠશાળાના સ્થાપન પછી મહારાજશ્રીની વ્યાધિએ જોર કર્યું. આ વખતે સાધુ-સાધ્વીના ઠાણા ૫૦ એકત્ર થયા હતા. ભક્તિવંત શ્રાવકો રાત-દિવસ સાવધાન પણે ભક્તિ કરવા લાગ્યા. અત્યંત વ્યથાકારક વ્યાધિમાં મહારાજશ્રીની સમતા અપૂર્વ હતી. સંવત ૧૯૪૯ના વૈશાખ શુદિ ૭ ને દિવસે રાતના સાડા નવ કલાકે સંપૂર્ણ સમાધિમાં "અરિહંત, સિધ્ધ, સાહુ" એ શબ્દોનો ઉચ્ચાર કરતા આ નશ્વર મનુષ્ય દેહ તજી દીધો. સુશોભિત પાલખીમાં મહારાજશ્રીના દેહને મૂકીને ભકતો "જય જય નંદા, જય જય ભદ્દા"ના ઉચ્ચારો કરતા દાદાવાડીમા લઇ આવ્યા, હજારોની મેદની ત્યારે એકત્ર થઈ હતી. મહારાજશ્રીના દેહને ત્યાં અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા. આ પ્રસંગે જુદા જુદા સંઘોએ અને અનેક લોકોએ અનુકંપાદાન દીધુ. મહારાજશ્રીના સંસ્કારને સ્થાનકે મહારાજશ્રીની પાદુકાનું સ્થાપન કરવા માટે એક આરસની દેરી બનાવવામાં આવી. અને તેમાં સંવત ૧૯૫૦ ના શ્રાવણ શુદિ પુનમે મહારાજશ્રીના પગલાં સ્થાપન કરવામાં આવ્યા.

શ્રી વૃદ્ધિચદ્રજી મહારાજ પણ પોતાના વડીલ ગુરુબંધુ શ્રી મૂળચંદજી મહારાજની જેમ ૫૯ વર્ષની વયે કાળધર્મ પામ્યા. બંને ભાવનગરમાં કાળધર્મ પામ્યા. બંનેનો અગ્નિ સંસ્કાર ભાવનગરમાં દાદાવાડીમાં થયો. બંનેના પગલાંની ડેરી પણ પાસે પાસે કરવામાં આવી.

આ પ્રમાણે મુનિરાજશ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ, જેઓ નિઃસ્પૃહ-શિરોમણિ મુનિરાજશ્રી બુટેરાયજી મહારાજના શિષ્ય, પ્રતાપીગણિજી શ્રી મૂલચંદજી મહારાજના લઘુ ગુરૂભાઈ, અને મહા તપસ્વી ક્ષમાસમુદ્ર મુનિરાજશ્રી ખાંતિવિજયજી મહારાજના અને જ્ઞાનસમુદ્ર, ષટ્દર્શનના પારગામી શ્રી આત્મારામજી મહારાજના મોટા ગુરૂભાઇ હતા. તેઓશ્રી અનેક ભવ્ય જીવો ઉપર ઉપકાર કરીને અને વિશેષ કરીને શ્રી ભાવનગર સંઘ ઉપર ઘણો જ મોટો ઉપકાર કરીને સ્વર્ગસુખના ભોક્તા થયા છે. મુનિરાજશ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ સાહેબને કોટિ કોટિ વંદના.

જે ઇન્દ્રિયોને જીતી શકે છે તેણે જગતને જીત્યું છે. અને જે ઇન્દ્રિયોથી જીતાયો છે તે જગથી જીતાયો છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ગિરિરાજ યાત્રા સપ્તપદી

## પુણ્ય-પાપની બારી

### સોપાન સાતમું...

પ. પૂ. પં. પ્રદ્યુમ્નવિજયજી મહારાજ સાહેબ

સં. ૨૦૪૫ માગશર સુદિ ૧૦, રાજુલા

પ્રદ્યુમ્ન વિ.

તત્ર શ્રી દેવગુરુભક્તિકારક સુશ્રાવક.......... યોગ્ય ધર્મલાભ પૂજ્યપાદ શાસનસમ્રાટશ્રીની કૃપાથી આનંદ મંગલ વર્તે છે ત્યાં પણ તેમજ હો !

હવે આપણે નવટૂંકનું વર્ણન જોઈએ

ગિરિરાજ ઉપરના જિનમંદિરો અને જિન-પ્રતિમા જોઈને એ બધા નિર્માણ કરનાર શ્રાવકોની ઉદારતા, ભક્તિ અને સાહસ જોઇને એનો જેમ જેમ વિચાર કરીએ તેમ તેમ અહોભાવ અને અનુ-મોદનાના ઝરણાં વહેવા લાગે છે, ક્યારેક આપણી સાદી બુદ્ધિથી વિચારીએ તો આટલે દૂર-આટલે ઉંચે આવા મોટા મોટા જિનબિંબો અને આભ વિશાળ-આભ ઉંચા જિનમંદિરોનું નિર્માણ કેવી રીતે કરી શકયા હશે ? આજે આટલા સાધનો વધ્યા પછી પણ આપણને દુઃશકય લાગે છે તો તે વખતે કઇ રીતે શકય બન્યું હશે ? જ્યારે શ્રદ્ધા-સંકલ્પ અને નિર્ધાર શક્તિનો વિચાર કરીએ છીએ ત્યારે આ બધું એકદમ શક્ય લાગે છે.

અહિંસા જિનબિંબોના પરમાત્માના દર્શન થાય છે તેની સાથે સાથે ભક્તોની મૂર્તિમંત શ્રદ્ધાના પણ દર્શન થાય છે. નવટૂંકમાં તો કેવા મોટા મોટા જિનબિંબો છે. અદ્દભુત શ્રી આદીશ્વર ભગવાન - ( જેને આપણે અદબદજીના હુલામણા નામે ઓળખીએ છીએ ) જે સાડા અઢાર ફુટ ઉંચા અને સાડા ચૌદ ફુટ પહોળા છે તે અહીં છે આનું બીજું નામ સ્વયંભૂ આદિનાથ પણ છે ગિરિરાજથી ચારેબાજુના ૨૫ ૨૫ માઈલ દૂરથી જે શિખર દેખાય છે, તેવું બાદળથી વાતો કરનારું શિખર આ જ નવટૂંકમાં છે. આ નવટૂંકની યાત્રા હનુમાનધારાથી જે એક રસ્તો નવટૂંકમાં જાય છે ત્યાંથી શરૂ થાય છે.

અહીં ડાબી બાજુ એક અંગારશાપીર આવે છે. તેની કથા જાણવા જેવી છે આપણને તો એમ થાય કે અહીં ગિરિરાજ ઉપર આની શી જરૂર ? પણ તેમને અહીં રક્ષક તરીકે સ્થાપ્યા છે

### અંગારશા પીરની કથા

ટૂંકમાં તેની વાત આ પ્રમાણે બનેલી છે :- કરમના ખેલ છે. વિચિત્રતાની ખાણ એનું નામ જ સંસાર. કલ્પના શક્તિ જ્યાં અટકી જાય ત્યાંથી કર્મશક્તિ શરૂ થાય ? પાટણ ( ઉ ગુ ) માં મુસ્લિમ સુબાનું રાજ્ય ચાલે

સત્તા, યુવાની ને અવિવેક આ ત્રણ મળે અને તરખાટ ન મચાવે તો જ આશ્ચર્ય થાય.

સુબો યુવાન, મદઘેલો, રૂપ પાછળ પાગલ, જ્યાં ક્યાંય આંખને આંજે તેવું રૂપ જોયું નથી ને તેને પોતાનું કર્યું નથી, માત્ર સૌંદર્યપ્રેમી હોય તે તો હરણની આંખ અને શિંગડા, રેશમ જેવી રૂંવાટીને આછી ટપકી જોઈને ખુશ ખુશ થઈ જાય પણ શિકારી...શિકારી તો તેને એ રાતે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રહેવા જ ન દે રહેંસી નાંખે. પીંખી નાંખે, ત્યારે જ તેને જંપ વળે.

પાટણની પાસે કુણઘેર નામે ગામ, જે આજેય છે, ત્યાં દશાશ્રીમાળી જૈન શ્રાવક વસે, ભાણસી સોની તેનું નામ, કોડાઇ તેની પત્ની. બન્નેને ધર્મનો ભારે રાગ, નિત્ય દેવદર્શન પછી જ પાણી ખપે, તેવો નિયમ પાળે, કોડાઇનું રૂપ એવું કે ઘરે આવેલા મહેમાનને લોકો દેખાડવા લઇ જાય, આ રૂપના વખાણ પાટણના એ સુબા શેરસાહશિકથાએ સાંભળ્યા, અને સાંભળતા ભેગા જ તેનું મન તલપાપડ થયું, સત્તા તો હતી જ, પ્રજા તો બિચારી અને રાંક, શું બોલે? કોડાઇ પાટણ ભેગી થઈ ગઇ. અબલાનું બળ હાર્યું, પણ મનમાંથી ધર્મ ખસતો નથી, નિત્ય સવારે-બંધ બારણે ભગવાન ઋષભદેવના દર્શન-વંદન-પૂજન ચાલે છે.

'હે' કે સુબાના કાન ભંભેર્યા. કામણ કરે છે, સુબો તે જ વખતે પહોંચ્યો. બારણા ખોલીને ગયો, કોડાઈ કોડાઈ પછી, આ શું...? આટલો વખત પણ મારો નહીં, સુબાએ પૂછયું શું કરે છે.

ભગવાનને ભજુ છું. કોણ છે આ ભગવાન...? કયાં રહે છે? કોડાઈ કહે છે ભગવાન ઋષભદેવ નામ છે.... રહે છે પાલિતાણામાં, શત્રુંજયના પહાડના શિખરે.

એક દિવસ સુબાને ધૂન ચઢી, ચાલો પાલિતાણા. થોડા માણસો સાથે ઉપડયા, બે જણા પોતે, એક બે ચોકીયાત, રસાલો અને સાથે એક ઓલીયો અંગારસા, કાફલો પહોંચ્યો પાલિતાણા, તૈયાર થઇને આવ્યા દાદા ઋષભદેવના દરબારમાં, સુબો દાદાના રૂપને જોઈને ઓવારી ગયો, આફરીન પોકારી ગયો, રાજીપો પ્રગટ કરવા સોનામહોરનો થાળ મંગાવ્યો, અંગારસા આ બધું જોતો હતો, તે અત્યાર સુધીતો શાંત હતો, પણ સોનામહોરનો થાળ જોઇને અંગારસાની આંખે અંગારા વરસવા લાગ્યા. ન સાંખી શકયો, સુબા ઉપર રોષ ચઢયો, પણ તેને શું કહેવાય? એટલે સીધો કૂદ્યો ભગવાન ઋષભદેવ તરફ-તીક્ષ્ણ હથિયારનો ઘા કર્યો, વાતાવરણમાં હા હા કાર મચી ગયો, ઘા કરતાં તો કર્યો, પણ વળતાં હૈયામાં ભય ગભરાટ અને પીડાની શૂળ ભોંકાઈ ગય, તે તો ત્યાંથી નાઠો-ભાગ્યો, જ્યાં જવાય ત્યાં આડેધડ પથરા ઠેકતો ઠેકતો કયાંક પગ મૂકવા ગયો ને પગ ના ઠર્યા, લપસ્યો-ગભરાટમાં જ ગબડયો, અને ત્યાંને ત્યાં જ તેના રામ રમી ગયા, ક્ષણમાં જ આ બધું બની ગયું, સુબો તો અવાક્ બન્યો? કોડાઇના આંસુ સૂકાતાં નથી, બધા જ પૂતળા જેવા જડ.... આકાશમાં ગડગડાટ .... શંત્રુજયના રક્ષક કપર્દી પાસે નત મસ્તકે ઉભેલા દેવ વિનવે છે, કરગરે છે, મને આ તીર્થનું રખોપું સોંપો, કપર્દીનો ક્રોધ હજુ શાંત નથી થયો? કહે કે હમણાં તો તુંજ ધારદાર હથીયાર લઇને દોડયો તો, અને હવે રખોપુ માગે છે? તુંજ અંગારસાને? અંગારસા કહે કે હા માફ કરો? માફ કરો? હવે આ પીડા સહેવાતી નથી આ રખોપુ મળશે તો જ મને શાન્તવન મળશે, મને મારા પાપનું પ્રાયશ્ચિત્ત કરવા દો, મુસલમાની આક્રમણોની સાથે ઢાલ બનીને ખડો રહીશ, તેને એકલે હાથે તેને ખાળી દઈશ, આટલી કૃપા કરો??? કપર્દી યક્ષે એને એ જવાબદારી સોંપી, અને અંગારસાએ ત્યાં સ્થાન જમાવ્યું, અને એ સ્થાન એટલે જ અંગારસા પીરની દરગાહ, હાલ એટલે જ જ્યારે જ્યારે સંઘ આવે ત્યારે ત્યારે આ રક્ષકનું ઉચિત સન્માન કરવાની પરંપરા ચાલે છે

આ તેનો ઇતિહાસ.... આ તેનીક થા છે.

આ નવટૂંકની સંખ્યા પણ જુદી જુદી રીતે થાય છે. એક રીતે તો દાદાની ટૂંક સાથે નવટૂંક થાય છે. તેનું કોષ્ટક પાછળ પ્રમાણે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## —: શ્રી શત્રુંજયતીર્થની નવટૂંકનો નવાંગી કોઠો :—

**[ શ્રી સારાભાઈ મણિલાલ નવાબની નોંધપોથીના આધારે ]**

| ક્રમ | ટૂંકનું નામ | ટૂંક બંધાવનારનું નામ | માતાનું નામ | પિતાનું નામ | જ્ઞાતિનું નામ | ગામનું નામ | સંવત | પ્રતિષ્ઠા તિથિ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દાદાની ટૂંક | ૧૬મો ઉદ્ધાર કર્માશાહ | તારાદેવી | તોલાશાહ | વીશા ઓસવાળ | ચિતોડગઢ | ૧૫૮૭ | વૈશાખ વદ ૬ |
| ૨ | ચૌમુખજીની ટૂંક | સવા સોમજી | જસમાદેવી | જોગરાજ | દશા પોરવાડ | અમદાવાદ | ૧૬૭૫ | વૈશાખ સુદ ૧૩ |
| ૩+ | છીપાવસહી | લખમીચંદ ભંડારી | | શિવચંદ | વિશા ઓસવાળ | અમદાવાદ | ૧૭૯૪ | અષાડ સુદ ૧૦ |
| ૪ | પ્રેમાવસહી | પ્રેમચંદ મોદી | રતનબાઇ | લવજી મોદી | દશા શ્રીમાળી | અમદાવાદ | ૧૮૪૩ | મહા સુદિ ૧૧ |
| ૫ | હેમાવસહી | હેમાભાઈ શેઠ | દાદીજડાવ | વખતચંદ શેઠ | વીશા ઓસવાળ | અમદાવાદ | ૧૮૮૬ | મહા સુદિ ૫ |
| ૬ | ઉજમવસહી નદીશ્વરદ્વીપ | ઉજમબાઈ | જડાવબાઇ | વખતચંદ શેઠ | વીશા ઓસવાળ | અમદાવાદ | ૧૮૮૯ | વૈશાખ સુદિ ૧૩ |
| ૭ | બાલાવસહી | દીપચંદ (બાલાભાઇ) | | કલ્યાણજી | વીશા શ્રીમાળી | ઘોઘાબંદર | ૧૮૯૩ | |
| ૮ | મોતીવસહી | મોતીશા શેઠ | રૂપાબાઈ | અમીચંદ | વીશા ઓસવાળ | ખંભાત (મુંબઇ) | ૧૮૯૩ | મહા વદિ ૨ |
| ૯ | સાકરવસહી | સાકરચંદ | | પ્રેમચંદ | દશા શ્રીમાળી | અમદાવાદ | ૧૮૯૩ | મહા સુદિ ૧૦ |

+ છીપાવસહીના લેખના (નં. ૧૬૫) ના આધારે બંધાવનારા સુરતવાળા ગોડીદાસ ગોવિંદજી છે. પ્રતિષ્ઠા સંવત ૧૭૯૧ વૈશાખ સુદિ ૭ કરેલ છે. ખરેખર તો પંદરમી સદીની છે.



For Private And Personal Use Only

આ ક્રોષ્ટક પ્રમાણે ચાલીએ, આ નવટૂંકમાં ટૂંકની સંખ્યા ભલે નવની છે. પણ તેમાં દેરાસરો, દેરીઓ, પ્રતિમાઓ ઘણા ઘણા છે. એક ટૂંક હોય, તેનું એક નામ પણ હોય છતાં તે નામની ટૂંકમાં જેઓના નામની ટુંક હોય તે સિવાયની વ્યક્તિઓએ પણ દેરાસરો બંધાવ્યા હોય તેવું બન્યું છે ગિરિરાજના મંદિરો, મૂર્તિઓ તો ખરેખર શ્રદ્ધાના જ પ્રતિકો છે તેમ ફરી ફરીને કહેવું પડે છે.

પહેલી ટૂંકતો દાદાની ટૂંક, જે પરિચય આપણે જોઇ ગયા, હવે એ ક્રમમાં આવતી બીજી ટુંક એટલે આપણે નવટુંકમાં પ્રવેશ કરીએ એટલે પહેલી આવે તે ટુંક, આના ત્રણ નામો છે, ચૌમુખજીની ટુંક, સવા-સોમાની ટુંક અને ત્રીજી ખરતરવસહી, આ ટુંક વિશાળ છે. જેની બસો સિત્તેર ફુટ લંબાઇ અને એકસો સોલ ફુટ પહોળાઇ છે. શિખર તો કેટલું ઉંચું છે તે તો આપો આપ જ જણાઇ આવે છે. દૂરદૂરથી પણ જો કોઇ શિખર દેખાતું હોય તો આ જ ચૌમુખજીનું દેખાય છે. સવા-સોમજીનું નામ આ ટુંક સાથે જોડાયું છે. તેની પણ એક કથા છે. જે લગભગ આપણે ત્યાં પ્રચલિત છે, છતાં ટુંકમાં લખું છું.

સવચંદભાઇ વંથલી (સોરઠ)ના અને સોમચંદભાઈ અમદાવાદના બન્ને વ્યાપારી, સોમચંદભાઇનો વ્યાપાર દેશ-પરદેશમાં ચાલે, નામ પંકાયેલું, સાખ વખણાયેલી.

સવચંદભાઇ ભીડમાં આવી પડયા, લેણદારને રકમ કેમ ચૂકવવી તે મૂંઝવણ થઇ, એક લેણદાર લેણી રકમ લેવા હઠ કરી બેઠો. અને ભીડમાં ભક્તને ભગવાન સાંભરે, તેમ સવચંદભાઇને સોમચંદ શેઠ યાદ આવ્યા, કોઇ ઓળખાણ નહીં. લેવડ-દેવડ નથી. માત્ર નામ જાણેલું, ભગવાનનું નામ લઈને હૂંડી લખી દીધી, મનનો ભાર રૂપો ન રહ્યો, આંખમાં આંસુ ધસી આવ્યા, લખેલી હૂંડીમાં બે આંસુ ટપકી ગયા, એકાદ-બે શબ્દ રેલાઇ ગયા, હૂંડી રવાના થઈ, સોમચંદભાઈની આંખ માણસ પારખુ હતી. એમને હૂંડી વાંચીને હૂંડીમાં બે શબ્દોની પેલેપારના ભાવને પણ વાંચ્યાં, રેળાયેલા શબ્દોના અર્થને ઉકેલ્યા, પૈસા ગણી આપ્યા, સવચંદ શેઠની લાખ રૂપિયાની આબરૂ સચવાઈ ગઇ. ભગવાનનો પાઠ માન્યો. હૃદય કૃતકૃત્યતાના ભારથી ભરાઈ ગયું, આંખો ભીની થઈ ગઈ. થોડી સરખાઇ આવી એટલે એ રકમ લઇને સવચંદશેઠે અમદાવાદની વાટ પકડી, પહોંચ્યા સોમચંદભાઈની ડેલીએ, સવારનો પહોર હતો. સોમચંદભાઇ ઓટલે બેસી દાતણ-પાણી કરતાં હતાં. સવચંદભાઇએ પૂછયું કે સોમચંદભાઈનું ઘર આજ ને ? સોમચંદભાઈએ સવચંદભાઇના શ્રદ્ધાના તેજથી જગારા મારતા લલાટને જોઇને પામી ગયા. હૂંડી લખનાર ભાઈ આ જ લાગે છે.

સોમચંદભાઈએ કહ્યું, હા....આવો....આવો, અતિથિ સત્કાર થયો, આવવાનું પ્રયોજન પૂછયું, સવચંદશેઠે પૈસા કાઢયા, આપવા માંડયા, સોમચંદભાઈ કહે કે શેના પૈસા ને શેની વાત, અમારે ચોપડે તમારૂં નામ નથી અને ખાતું પણ નથી, તો પૈસા કેમ લેવાય ? સવચંદશેઠ કહે કે પૈસા તમે ચૂકવ્યા છે માટે તમારા પૈસા મારાથી કેમ લેવાય ? બન્ને પોતાના વિચારમાં અડગ રહ્યા, હવે આ પૈસાનું શું કરવું ? છેવટે ગિરિરાજ ઉપર વિશાળ જિનાલય નિર્માણ કરવાનું નક્કી થયું, અને એ નિર્માણ થયેલું જિનમંદિર બન્નેની સહિયારી સ્મૃતિ માટે સવા સોમાની ટુકના નામે પ્રસિદ્ધ થયું.

આ સવા સોમ.ની ટુંકમાંથી પાછલી બારીમાંથી બહાર નિકળતાં ચાર-પાંચ પગથીયા ચઢતાં પાંડવોનું દેરાસર આવે છે. તેમાં પાંચ પાંડવો, કુંતામાતા, અને દ્રૌપદીની મૂર્તિ છે.

આ દેરાસર માંડવગઢના મંત્રીશ્વર પેથડશાહે બંધાવેલું છે, તેમાં મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાન બિરાજમાન હતા. પહેલાં અહીં થઇને જ દાદાના દેરાસરે જ જવાનું હતું.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાંડવોના દેરાસરની પાછળ સહસ્ત્રકૂટનું દેરાસર છે, સહસ્ત્રકૂટની વાત તો આપણે દાદાની ટુંકના વર્ણનમાં જોઇ છે, વળી ત્યાં જ આરસમાં ૧૭૦ જિનની પણ પ્રતિમા છે. અહીંથી વળી પાછા સવા સોમાની ટુંકમાં થઇ તે ટુંકની દેરીના દર્શન કરતાં કરતાં છીપાવસહીમાં આવવાનું, અહીં પ્રદક્ષિણામાં ૨૪ ગોખલા છે, ત્યાં જ અજિતશાંતિ સ્તોત્રની રચના કરવામાં આવી હતી. એવી કિંવદન્તી પ્રચલિત છે, છત્રીમાં ઋષભદેવના ચરણ-પાદુકા અને રાયણવૃક્ષ બન્ને અહીં છે, આગળ ચાલતાં જે દરવાંજો આવે છે તે સાકરવસહીનો દરવાજો આ ટુંક શેઠ સાકરચંદ પ્રેમચંદે બંધાવી છે.

આમાં ત્રણ દેરાસર અને એકવીસ દેરીઓ આવેલી છે મૂળ મંદિર શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનનું છે. અને આ પ્રતિમાજી પંચધાતુના છે, પછી નંદીશ્વર દ્વીપ એટલે ઉજમફઇની ટુંક આવે છે આમાં તેર ચોક બાવન (૧૩ × ૪ = ૫૨) જિનની સુંદર રચના છે કે જેના દર્શનથી એમ વિચાર આવે કે આટલે ઉપર આ બંધુ કેમ કરીને બનાવ્યું હશે ? નંદીશ્વર દ્વીપથી ઉપર ચઢીએ એટલે એક નાનો કુંડ આવે છે. તેની જોડે હેમાભાઇ શેઠની ટુંક આવે છે. શાન્તિદાસ શેઠના પૌત્રના પૌત્ર નગરશેઠ હેમાભાઇએ આ ટુંક બંધાવી છે. મૂળમંદિર અજિતનાથ ભગવાનનું છે. આ ટુંકની બારામાંથી નિકળતાં મોટો કુંડ આવે છે. ત્યાંથી આગળ ચાલતા મોદીની ટુંક આવે છે. મોદી પ્રેમચંદ લવજી જેઓ અમદાવાદથી સંઘ લઇને અહીં આવ્યા હતા. અહીં ૫૧ દેરી અને મૂળમંદિર એમ બાવન જિનાલય છે. મૂળનાયક શ્રી ઋષભદેવ ભગવાન છે. શ્રી પુંડરીકસ્વામી ભગવાનનુ મંદિર પણ તેમને જ બંધાવેલું છે, અહીંથી આગળ એક સુરતવાળાનું દેરાસર આવે છે. સુરતના શેઠ રતનચંદ ઝવેરચંદનું બંધાવેલું છે. અહીં જે બે ગોખલા છે તે સાસુ-વહુના નામે જાણીતા છે. આગળના થાંભલા ઉપર ત્રણ તોરણો છે. આબુની કારણી યાદ આવે તેવી કળાના દર્શન થાય છે. થાંભલામાં કલાકારે કારીગિરી કરી છે. એક થાંભલામાં એક પુતળી એમ ત્રણ થાંભલામાં ત્રણ પુતળી છે. આ ત્રણે પુતળીને ક્રમશઃ એકને સાપ એકને વીંછી અને એકને વાંદરો કરડે છે.

આ ત્રણે દૃશ્ય માટે દર્શકો તરેહ તરેહવારની વાતો જોડી કાઢે છે, કલ્પી લે છે, મૂળ રહસ્ય કાંઈ મળતું નથી, પણ કોઇક હેતુ તો હોવો જ જોઇએ તેવું જણાય છે. શિલ્પીએ પણ પ્રાણ રેડયાં છે. બારીકાઇથી આ જોવા જેવું છે. સહસ્ત્ર-ફણા પાર્શ્વનાથ ભગવાનનું બિંબ મનોહર અને રમણીય છે.

મોદીની ટુંકથી આગળ ઉતરતાં ૭૫ પગથીયા પછી એક નાની દેરી આવે છે. આ દેરાની એક દંતકથા છે. જો કે તે દંતકથામાં કાંઇ વજુદ નથી. પણ કહે છે કે માણેકબાઈ રીસાઈને આવ્યા તેની સ્મૃતિમાં આ દેરી બનાવવામાં આવી છે, તેની બાજુમાં અદ્ભુત (અદબદજી) શ્રી આદીશ્વર ભગવાનની મૂર્તિ છે. જેનો અભિષેક વર્ષમાં માત્ર એકવાર કરવામાં આવે છે. ૧૮ ફુટ ઉંચા અને ૧૪॥ ફુટ પહોળા આ પ્રતિમાજી બાળકોનું મોટું આકર્ષણ છે. આ અદબદજીથી બહાર નિકળીને પગથીયા ઉતરીએ ત્યારે બાલાવસહીની ટુંક આવે છે, તે ટુંક ઘોઘાના રહેવાસી શેઠ દીપચંદજી કલ્યાણજીએ લાખો રૂપેયા ખર્ચીને આ બનાવી છે. દીપચંદ શેઠનું હુલામણું નામ બાલાભાઈ હતું. તેથી બાલાવસહી નામ પડયું. આમાં પણ આદીશ્વર ભગવાન અને પુંડરીકસ્વામીજીનું પણ દેરાસર છે. આ દીપચંદ શેઠ મુંબઈમાં બહુ જાણીતા હતા, ગોડીજીના દેરાસરની પાસે એક ચાલી તેમને બંધાવી હતી.

આ ટુંક પછી આવે છે મોતીશાશેઠની ટુંક, જેનું વર્ણન આપણે આગળ જોઇ ગયા છીએ. આ રીતે સંક્ષેપમાં બધી ટુંકનું વિહંગાવલોકન કર્યું. જો કે મોતીશાશેઠે આ ટુંક કેવીરીતે બંધાવી તે બધો ઈતિહાસ તો શેઠ મોતીશા નામે જે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# માસિક ધર્મ (M. C.) શા માટે પાળવું?

—: લેખક :—

ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી પાદપદ્મરેણુ મુનિ ગુણસુંદરવિજય

"માસિક ધર્મ પાલન ન થાય તો આધ્યાત્મિક નુકશાન શું ?" એ પ્રથમ શાસ્ત્ર દ્વારા જાણીએ.

"ઋતુવંતી અડકે નહીં એ કરે નહીં
ઘરના કામ તો,
તેહના વાંછિત પૂરશે એ દેવી
સિદ્ધાયીકા નામ તો..."

[પૂ. જીવવિજય મ. પ્રતિક્રમણ માટેની સ્તુતિ જોડામાં.

કમલારાણીએ M.C. માં હોવા છતાં જિનેશ્વર પ્રતિમાને વંદન કર્યા, પુષ્પ ચઢાવ્યા તો એને એક લાખ ભવ સંસારમાં ભ્રમણ કરવું પડ્યું.

માસિક ધર્મવાળી સ્ત્રી અગર સંસાર સુખ ભોગવે તો એ નવલાખ ભવ સંસારમાં ભટકે.

રજસ્વલા હોવા છતાં સાધુને ગોચરી વહોરાવે તો સંસારમાં લાખ ભવ ભ્રમણ થાય.

M.C. સ્ત્રીનું મુખ જોવામાં એક આયંબિલ-પ્રાયશ્ચિત આવે.

M.C. વાળી સ્ત્રીને સ્પર્શ કરવાથી છઠ્ઠનું પ્રાયશ્ચિત આવે.

M.C. વાળી સ્ત્રીનું એઠું ભોજન પશુઓને ખવરાવવાથી બાર ભવ સુધી બરબાદી થાય.

M.C. વાળી સ્ત્રી ના આસન ઉપર બેસવાથી

( અનુસંધાન પેજ નંબર ૭૮ નું ચાલુ )

પુસ્તક છે તે જ વાંચો તો જ તમને પૂરો ને પાકો ખ્યાલ આવે.—

ભાગ્યશાળી ? પત્રમાં તો કેટલું લખાય ? તેની નાજુકતાનો વિચાર કરવો જોઇએ. તેના ઉપર વધુ પડતો બોજો ન લદાય, નહીંતર પત્ર મટીને તે નિબંધ બની જાય,—

દાદાની ટુંક અને નવટુંકની વચ્ચે જે રસ્તો જાય છે, તે ઘેટીની પાગે જાય છે. ત્યાં નીચે જઇએ એટલે (ઘેટી ગામ તરફની તે પાજ છે માટે તેને ઘેટીની પાજ કહેવાય છે) ઘેટીની પાજે બિરાજેલા ભગવાન શ્રી ઋષભદેવના ચરણપાદુકા આવે છે. હવે તો ત્યાં નવનિર્માણ પામેલું મંદિર પણ છે.- બસ હવે આ પત્રે અહીં જ અટકું ?

ભૂલચૂક લેવી-દેવી, જાણતાં-અજાણતાં ભૂલ થઇ હોય તો મિચ્છામિ દુક્કડં.......???

એજ પ્ર૦



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાત આયંબિલનું પ્રાયશ્ચિત આવે.

M C. વાળી સ્ત્રીને વસ્તુ દેવા લેવામાં અઠ્ઠમનું પ્રાયશ્ચિત આવે.

❋ માસિક અટકાવવાળી સ્ત્રી જો નદી, તળાવ, સરોવર આદિમાં સ્નાન કરે તો એને સાપ આદિના ભવ કરવા પડે. જિનભવનમાં જવું, દેવમૂર્તિની પૂજા કરવી, સ્વાધ્યાય કરવો વગેરે ધર્મ પ્રવૃત્તિનો માસિક ધર્મવાળી સ્ત્રીને પૂર્વાચાર્યોએ નિષેધ કર્યો છે. તે ઘરમાંથી લક્ષ્મી ચાલી જાય છે, અધિષ્ઠાયક દેવ પલાયન થઇ જાય છે, તે ઘરમાં રોગ આદિ વારંવાર આવે છે. જે ઘરમાં માસિકનું પાલન થતું નથી.

માસિક ધર્મવાળી સ્ત્રી ત્રણ દિવસ બાદ ગૃહ કાર્ય કરવા માટે શુદ્ધ થાય છે.

❋ આ ઉપરાંત બાઇબલ (Old Testament), યહુદી ધર્મના પૈગમ્બર ગોજીસ, પારસી ધર્મગ્રન્થ "ખૌર દેહ અવસ્થા", ઇસ્લામ ધર્મનો ગ્રન્થ "કુરાને શરીફ" આદિ વિભિન્ન ધર્મશાસ્ત્રો પણ M.C. પાલન માટે સ્પષ્ટ આદેશ આપે છે.

❋ પ્રાચીન વૈજ્ઞાનિક પ્લીની, યુરોપના વિખ્યાત વૈજ્ઞાનિક ડૉ. સીકમ, વૈજ્ઞાનિક ડૉ. ચીસીક, ડૉ. બિશાક, અમેરિકાની પ્રસિદ્ધ જોન હોપકીન્સ યુનિવર્સિટીની પ્રયોગશાળા આદિએ પણ માસિક ધર્મ ન પાળવાના નુકશાન વૈજ્ઞાનિક રીતે સાબિત કર્યો છે.

દેશ-વિદેશની ધરતી પર પણ M C. પાલનનું મહત્ત્વ છે. કોંગો નદી (Africa ના તટ પર રહેવાવાળી સ્ત્રીયો, ઓરીનોકો તથા સાઉથ-સી આયરલેન્ડની સ્ત્રી. (Latrin America & Ireland), ન્યુઝીલેંડની સ્ત્રીયો, લેબનોન દેશની કિશાન સ્ત્રીઓ, જર્મની ફ્રાંસ, સીરીયા, ઇટલી, નાયકા (Mexico) સાયગોન, ઇંગ્લેન્ડના વેસેજ અને વેસ્ટેજ નામના ક્ષેત્રની સ્ત્રીઓ, અમેરિકા (USA) ની કઇ જાતિયોની બાઇઓ, જપાનની, નાઇજીરિયાની મહિલાઓ, ચીનની બૌદ્ધધર્મી સ્ત્રીઓ નેપાળની બ્રહ્મણ બાઇઓ, ભૂતાનની, એસ્કીમની તથા તિબેટની મહિલાઓ, દક્ષિણ મિઝનાપુરની બાઇઓ, દક્ષિણ ભારતની નૌયર જાતિની હિન્દુ સ્ત્રીઓ, એક યા બીજી રીતે ઋતુધર્મ સંબંધી વાતોને માને જ છે.

❋ આજે પણ પાપડ, વડી, અથાણું વગેરે બનાવતી વખતે M C. વાળી બાઈઓને દૂર રખાય છે, કારણ કે એ બધી ચીજો બગડી જવાનો ભય છે.

❋ કેટલાય નિષ્ણાત સર્જન ડોકટરો પણ ઓપરેશન થિએટરમાં માસિક ધર્મવાળી સ્ત્રી ડોકટર અને સ્ત્રી નર્સોને દાખલ થવા દે ા નથી.

❋ આર્યાવતના પવિત્ર નારીવૃંદને અપીલ છે કે તેઓ માસિક ધર્મનું પાલન કરે-કરાવે.

માસિક અટકાવ વખતે ૭૨ કલાક સુધી એકાંત સ્થાનમાં બેસવું.

બેસવા-પાથરવામાં આસન આદિ ગરમ કપડાના રાખવા....

પરમાત્મ પ્રતિમાના દર્શન ન કરે,

કોઈ પણ વ્યક્તિ સાથે અડાઅડ ન કરે

બાળકોને સ્તનપાન ન કરાવે.

ન્યુઝપેપર, મેગેઝિન, શાસ્ત્ર આદિનું વાચન, પઠન-પાઠન લેખન આદિ કાંઇ ન કરે,

અનાજ અથાણા, પાણી આદિનો સ્પર્શ ન કરે.

નદી સરોવર આદિ સ્થાનોમાં સ્નાન કરે નહીં. સાત દિવસ સુધી પ્રતિમા પૂજન ન કરે.

આવી પૂર્વર્ષિની આજ્ઞાનું પાલન કરે...

બાઈઓ પણ આ વિષયમાં પોતાનો સ પૂર્ણ સહકાર આપે...



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "પુણ્યથી શું શું મળે છે ?"

સં. શ્રી હીરાલાલ બી. શાહ

પ્રજાપાલ રાજાને બે પુત્રીઓ હતી. એકનું નામ સુરસુન્દરી હતુ અને બીજીનું મયણાસુન્દરી હતુ. એ બન્નેની માતા જુદી જુદી હતી. એ બન્નેની માતાઓ જુદી જુદી હોવાને કારણે, એ બન્નેના પાઠકો પણ જુદા જુદા હતા. એ બન્નેએ પોતપોતાની માતા અને પોતપોતાના પાઠક પાસેથી શિક્ષા મેળવીને ચતુરાઇ પ્રાપ્ત કરી હતી, પરન્તુ માતા અને પાઠક તરફથી સુરસુન્દરીને અને મયણાસુન્દરીને પરસ્પર વિરોધી સંસ્કારો પ્રાપ્ત થયા હતા; એ બન્નેને જેવા પ્રકારના સંસ્કારો મળ્યા હતા, તેવા જ પ્રકારે એ બન્નેની શિક્ષા અને ચતુરાઈ પરિણામ પામી હતી.

એકવાર રાજાએ પોતાની બન્નેય પુત્રીઓને, તે પુત્રીના અધ્યાપક સહિત રાજસભામાં બોલાવી. એ વખતે રાજાને પોતાની એ બન્નેય પુત્રીઓની બુદ્ધિની પરિક્ષા કરવાનું મન થઇ ગયું. રાજાએ સુરસુન્દરીને કહ્યુ કે 'પુણ્યથી શું શું મળે છે?' સુરસુન્દરીએ જવાબ આપ્યો કે 'ધન, યુવાની, સારા પ્રમાણમાં ચતુરાઇ, પોતાના દેહની નીરોગીતા અને મનગમતાની સાથેનો મેળાપ, એ બધું પુણ્યથી મળે છે?' રાજાએ મયણાસુન્દરીને કહ્યું કે 'પુણ્યથી શું શું મળે છે?' મયણાસુન્દરીએ જવાબ આપ્યો કે 'વિનય, વિવેક, મનની પ્રસન્નતા, શીલથી સુનિર્મલ એવો દેહ અને મોક્ષમાર્ગનો મેળાપ એ બધું પુણ્યથી મળે છે.

સુરસુન્દરીએ જે જવાબ આપ્યો છે તે બધું પુણ્યથી જ મળે છે તે શંકા વિનાની વાત છે. એટલે સુરસુન્દરીનો જવાબ સાચો છે પણ સારો નથી. આ જવાબ સાચો છે પણ મિથ્યાત્વના સંસ્કારોની અસરવાળો છે. પુણ્યોદયના યોગે એ બધું મળી ગયા પછીથી, એનું પરિણામ શું? પુણ્યોદયના યોગે આ બધું મળી તો ગયું, પણ એ પુણ્ય ગયું અને નવું પુણ્ય બંધાયું નહિ, તો થશે શું? પુણ્યોદયે પ્રાપ્ત થતી વસ્તુઓ ગમે છે પણ પુણ્યને આચરવા તરફ બેદરકારી કરવામાં આવે તો પુણ્ય ખવાય જાય છે અને પાપ બધાય છે. જેને પાપાનુબંધી પુણ્ય કહેવામાં આવે છે. સુરસુન્દરીએ પોતાના જવાબમાં એવી એક પણ વસ્તુ જણાવી નથી કે પુણ્યોદયના યોગે પ્રાપ્ત થયેલી વસ્તુથી આત્મકલ્યાણ થાય.

મયણાસુન્દરીનો જવાબ સાચો જ છે અને સારો પણ છે. મયણાસુન્દરીનો જવાબ તેની માતાને અને તેના પાઠકને ખૂબ જ ગમ્યો. કારણ કે તત્ત્વ સ્વરૂપને જાણનારી મયણાસુન્દરીનો જવાબ સમ્યક્ત્વના સંસ્કારોની અસરવાળો છે. મયણાસુન્દરીએ પોતાના જવાબમાં પુણ્યોદયે જે વસ્તુ પ્રાપ્ત થાય છે તેના આચરવાથી નવું પુણ્ય ઉપાર્જન થાય છે. જેને પુણ્યાનુબંધી પુણ્ય કહેવામાં આવે છે. જેનાથી આંતિમક કલ્યાણ થાય છે અને પરંપરાએ મોક્ષ પ્રાપ્ત થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# દરેક લાયબ્રેરી તથા ઘરમાં વસાવવા જેવા અલભ્ય ગ્રંથો

* તારીખ ૧-૯-૮૭ થી નીચે મુજબ રહેશે. *

| સંસ્કૃત ગ્રંથો | કીંમત |
|---|---|
| ત્રિશષ્ઠી શલાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પુસ્તકારે (મૂળ સંસ્કૃત) | ૫૦-૦૦ |
| ત્રિશષ્ઠી શલાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પ્રતાકારે (મૂળ સંસ્કૃત) | ૫૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૧ લો | ૮૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૨ જો | ૮૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૩ જો | ૮૦-૦૦ |
| સ્ત્રી નિર્માણ કેવલીભુક્તિ પ્રકરણ મૂળ | ૨૫-૦૦ |
| જિનદત્ત વ્યાખ્યાન | ૧૫-૦૦ |
| શ્રી સાધુ સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાસૂત્ર પ્રતાકારે | ૨૦-૦૦ |
| પ્રાકૃત વ્યાકરણમ્ | ૫૦-૦૦ |
| **ગુજરાતી ગ્રંથો** | |
| શ્રી શ્રીપાળરાજાનો રાસ | ૪૦-૦૦ |
| શ્રી જાણ્યું અને જોયું | ૫-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | કીંમત |
|---|---|
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૧૫-૦૦ |
| શ્રી કથારત્ન કોષ ભાગ ૧ લો | ૪૦-૦૦ |
| શ્રી આત્મકાન્તિ પ્રકાશ | ૫-૦૦ |
| શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ ૧-૨-૩ સાથે લે. સ્વ. પૂ. આ. શ્રી વિ કસ્તૂરસૂરીશ્વરજી | ૪૦-૦૦ |
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ | ૨૫-૦૦ |
| ,, ,, ભાગ-૨ | ૪૦-૦૦ |
| શ્રી નવસ્મરણાદિ સ્તોત્ર | ૭-૦૦ |
| શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન | ૧૦-૦૦ |
| વૈરાગ્ય ઝરણા | ૩-૦૦ |
| ઉપદેશમાળા ભાષાંતર | ૩૦-૦૦ |
| ધર્મ કૌશલ્ય | ૫-૦૦ |
| પૂ૦ આગમ પ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલિ વિશેષાંક : પાકુ બાઈન્ડીંગ | ૧૦-૦૦ |
| આત્મવિશુદ્ધિ | ૮-૦૦ |
| જૈન દર્શન મીમાંસા | ૫-૦૦ |
| હું અને મારી બા | ૫-૦૦ |
| જંબૂસ્વામિ ચરિત્ર | ૧૨-૦૦ |

લખો :- **શ્રી જૈન આત્માનંદ સભા** ખારગેઈટ, ભાવનગર. (સૌરાષ્ટ્ર)


તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only